# ગાજર ઘાસ જાગૃતિ-વ- ખેડૂત શિબિર કાર્યક્રમ યોજાયો

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કાર્યરત પ્લાન યોજના "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" અંતર્ગત તા.૨૩/૦૮/૨૦૧૬ ના રોજ ગામ: નીઝામપુરા તા. મહેમદાવાદ ખાતે ''ગાજર ઘાસ જાગૃતિ-વ-ખેડૂત શિબિર" કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં ૨૨ ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ''ગાજર ઘાસ- એક ખોફનાક પરદેશી નીંદણ'' પર વ્યાખ્યાન આપેલ. વધુમાં તેઓશ્રીએ "નીંદણોથી ખેતી પાકોમાં થતો જીવાતનો ઉપદ્રવ તથા નિયંત્રણ" વિષય પર વિસ્તૃત ચર્ચા કરેલ. ત્યારબાદ પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ ખેડૂતોને નીંદણ નિયંત્રણ અંગેના સંશોધનો વિશેની સજાગતા કેળવણી માટે એગ્રોનોમી વિભાગ બી. એ. સી. એ., આ. કૃ. યુ., આણંદ ખાતે કાર્યરત નીંદણ નિયંત્રણ યોજના અંતર્ગત તાલીમ લેવા માટે સૂચવેલ.

કાર્યક્રમના અંતે પ્રો. એસ. એ. સિપાઈએ આભારવિધી કરી હતી.

